શ્રાવણ મહિનાનો સોમવાર એટલે ભાવિકો માટે ભોળા શંભુની આરાધના કરવાનો શ્રેષ્ઠ અવસર. શ્રાવણિયા સોમવારે શિવાલયો અને મંદિરોમાં ભક્તોનું ઘોડાપુર ઉમટી પડ્યુ હતુ. વહેલી સવારથી ભાવિકોની ભીડ મંદિરોમાં જોવા મળી હતી. શહેરની નજીક આવેલા ધોળેશ્વર મહાદેવ મંદિર ખાતે તો જાણે મેળો જામ્યો હોય તેમ ભાવિકો ઉમટી પડ્યા હતા. જ્યારે સેક્ટર-૩ જય અંબે મંદિર અને સેક્ટર-૪ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે ભાવિકોનો મેળાવડો જામ્યો હતો.

કોરોનાના કહેર વચ્ચે સ્વાઈન ફ્લુના કેસો દેખાયા : બે દિવસમાં પાંચ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કહેર વચ્ચે હવે સ્વાઈન ફ્લુ (સીઝનલ ફ્લુ)એ પણ દેખા દેતાં તંત્રની દોડધામ વધી જવા પામી છે.

પહેલો કેસ મેદરામાંથી નોંધાયા બાદ છેલ્લા બે દિવસમાં પાંચ કેસ સામે આવતાં તંત્ર હવે સતર્ક બની ગયુ છે અને તમામ તબીબી અધિકારીઓને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા જણાવ્યુ છે. મેદરામાં નોંધાયેલ દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. બીજી તરફ બે દિવસમાં પાંચ કેસ સામે આવ્યા છે. જિલ્લાના દહેગામ શહેરમાંથી ૪ કેસ અને ગાંધીનગર શહેરમાંથી એક કેસ નોંધાયો છે.

સ્વાઈન ફ્લુના નોંધાયેલા કેસોમાં ૩ મહિલા અને ૨ પુરૂષ દર્દીઓનો સમાવેશ થાય છે. બે દર્દી અમદાવાદમાં સારવાર હેઠળ દાખલ થયેલ છે તો ૩ દર્દી દહેગામની ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

શહેરમાં સે. ૨૮માં ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે અને તે સારવાર માટે અમદાવાદ સિવિલમાં દાખલ છે.

મળતી વિગતો પ્રમાણે નોંધાયેલા દર્દીઓના નિવાસની તંત્રની ટીમ મુલાકાત લઈ દર્દીઓના સંપર્કમાં આવેલા લોકોની તપાસ કરે છે એટલુ જ નહિ શંકાસ્પદ લક્ષણો જણાય તો તેમને આઈસોલેટ પણ કરવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર સિવિલમાં પણ આ અંગેના ટેસ્ટ હવે કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગત વર્ષે એકાદ કેસ સ્વાઈન ફ્લુનો નોંધાયો હતો. આ વર્ષે ૬ કેસ થયા છે. સ્વાઈન ફ્લુ અંગે લોકોમાં જાગૃત્તિ આવે તે માટે પણ જરૂરી પોસ્ટરો આરોગ્ય કેન્દ્રોમાં દેખાય તે રીતે લગાવવાની સૂચના આપવામાં આવી છે.

જિલ્લામાં સઘન સર્વેલન્સ માટે તાકીદ કરવામાં આવી છે.

બીજી તરફ આરોગ્ય વિભાગના કર્મચારીઓની આજથી શરૂ થયેલી હડતાલના પગલે હવે તંત્રની મુશ્કેલીઓ વધી છે.

...ન જાણ્યુ જાનકીનાથે સવારે શું થવાનું છે...?

શહેરના જાણીતા કલાકાર કિરીટકુમાર અગ્રાવતના પુત્ર આકાશનું આકસ્મિક અવસાન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના સેક્ટર-૭માં રહેતાં વન અને પર્યાવરણ વિભાગના વર્ગ-૧ના નિવૃત્ત અધિકારી અને શહેરના જાણિતા કરાઓકે સિંગર કિરીટકુમાર અગ્રાવત અને સે.૨૦ની સરકારી પ્રાથમિક શાળાના નિવૃત્ત આચાર્યા જશુમતીબેનના સુપુત્ર આકાશ અગ્રાવતનું ૪૧ વર્ષની વયે આજે પરોઢિયે અચાનક આવેલાં હૃદયરોગના ભારે હુમલાને કારણે દુઃખદ અવસાન થવા પામ્યું હતું. યુવા વયે પુત્રનું અવસાન થતાં સમગ્ર પરિવાર પર શોકની કાલીમા છવાઈ જવા પામી હતી. સદગતની અંતિમ યાત્રા આજે બપોરે આશરે બે વાગે તેમના સેક્ટર-૭ ખાતેના નિવાસસ્થાનેથી નીકળી ગઈ મુક્તિધામ સ્મશાને પંહોચી હતી જ્યાં તેમની અંતિમક્રિયા કરવામાં આવી હતી.

સ્વ. આકાશ અગ્રાવત યુએસએની એક રિયલ એસ્ટેટ કંપનીમાં જોબ કરતાં હતા અને પ્રાપ્ત માહિતી અનુસાર ગઈકાલે તેઓ સુઘડ સ્વાસ્થ્યની એસએમએસ હોસ્પિટલમાં પોતાના બિમાર મિત્રની ખબર કાઢવા અને તેને હું ટિફિન પહોંચાડવા ગયાં હતાં અને તે મિત્ર સાથે હોસ્પિટલમાં જ રોકાઈ ગયાં હતા. બિમાર મિત્રને સવારે કોઈ કામ પડતાં તેમણે આકાશભાઈને જગાડવા પ્રયાસ કર્યો ત્યારે તેઓ ના ઉઠતા મિત્રએ તુરંત હોસ્પિટલમાં ફરજ પર હાજર તબીબોને બોલાવ્યાં હતાં જેમણે આકાશભાઈની નાડી વગેરે

ચેક કરીને તુરંત ઈમર્જન્સી રૂમમાં લઈ જઈને સારવાર શરૂ કરી હતી પરંતુ તેમનું હૃદય ફરી શરૂ થયું નહોતું. મળતી માહિતી મુજબ સ્વ.આકાશભાઈને પરોઢિયે અંદાજે ૩ થી ૪ વાગ્યાની વચ્ચે ઊંઘમાં જ હૃદયરોગનો ભારે હુમલો આવ્યો હતો જેમાં તેમનું ઊંઘમાં જ અવસાન નિપજ્યું હોવાનું તબીબોએ જણાવ્યું હતું. સ્વ. આકાશ અગ્રાવતના આકસ્મિક નિધનથી તેમના

● અનુસંધાન પાન-૭ પર

કલારસિકો માટે ખુશખબર : ટાઉનહોલ ઓકટોબરના અંત સુધીમાં તૈયાર થઈ જશે

ટાઉનહોલના રીનોવેશનનુ કામ તેજ ગતિએ ચાલી રહ્યુ છે : શહેરીજનોને ટુંક સમયમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ટાઉનહોલ નવા લુકમાં જોવા મળશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ અગાઉ વિલંબમાં પડ્યા બાદ માંડ કામ શરૂ થયુ હતુ કોવિડના કપરા કાળમાં ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ ગોથે ચઢયો હતો જયારે લાંબા સમયથી ટાઉનહોલને તાળુ વાગેલુ હોવાથી કલાકારો અને કલારસિક શ્રોતાઓ પણ મુંઝવણમાં છે. ત્યારે ટાઉનહોલનુ કામ પણ આગામી ઓકટોબર મહીનામાં પુર્ણ કરી દેવામાં આવશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. ટુંક સમયમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ટાઉનહોલ નવા લુકમાં જોવા મળશે.

ગાંધીનગર ટાઉનહોલના રીનોવેશ પાછળ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેમાં જુના સ્ટ્રકચરને યથાવત રાખી જરૂરી તોડફોડના અંતે ટાઉનહોલના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે છેલ્લા ઘણાં સમયથી નગરનો એકમાત્ર ટાઉનહોલ મરણપથારીએ હોવાથી નગરના કલાકારોને સ્ટેજ પુરુ પાડવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. એટલુ જ નહીં પરંતુ શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિને વેગ આપવા માટે પણ કાર્યક્રમના આયોજન માટે સ્થળ ઉપલબ્ધ નથી કોવિડના કપરા કાળમાં આમ પણ નવા ટાઉનહોલમાં કલાકારો માટેના

● અનુસંધાન પાન-૭ પર

શહેરના શીવાલયો ભાવિકોથી ઉભરાયા

ગાંધીનગર, તા.૮

આજે પવિત્ર શ્રાવણ માસનો બીજો સોમવાર છે. સોમવારના દિવસે શિવભક્તો શિવજીની વિશેષ પૂજા અર્ચના કરે છે. ત્યારે વહેલી સવારથી જ શિવાલયોમાં ભક્તોની મોટી ભીડ જોવા મળી રહી છે. ગાંધીનગરના તમામ શિવાલયો હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠ્યા છે. શ્રાવણના બીજા સોમવારે સેક્ટર-૧૬, સોમનાથના સાનિધ્યમાં ભકતો ઉમટી પડ્યા છે. મહામારીમાં ૨ વર્ષ બાદ પ્રથમ વખત મહાદેવના મદિરોમાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ છલકાયું છે.

શાહપુર નજીક બાયો ટેકનોલોજી યુનિ. અને રિસર્ચ સેન્ટર માટે ૧૩ એકર જમીન ફળવાઈ

વિજ્ઞાન પ્રાદ્યોગિકી વિભાગ દ્વારા યુનિ.ના અભ્યાસક્રમો સહિતની કામગીરીને લઈ રોડમેપ તૈયાર કરવામાં ગળાડૂબ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં શાહપુર નજીક બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને રિસર્ચ સેન્ટરનું આગામી દિવસોમાં નિર્માણ કાર્ય આરંભાશે.

બાયો ટેકનોલોજી યુનિવર્સિટી અને રિસર્ચ સેન્ટર માટે વિજ્ઞાન અને પ્રાદ્યોગિક વિભાગે શાહપુર પાસે જમીનની માંગણી કરતી દરખાસ્ત જિલ્લાતંત્રને રજુ કરી હતી અને જિલ્લાતંત્રએ આ જમીન ફાળવણીની જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરી દીધી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે યુનિવર્સિટી સંકુલ ૧૦ એકરમાં બનશે. આ યુનિવર્સિટી માટેના અભ્યાસક્રમો આખરી કરવા અંગેની હાલ કવાયત ચાલી રહી છે. આ ઉપરાંત ૩ એકરમાં અદ્યતન રિસર્ચ સેન્ટર આકાર પામશે.

નોલેજ હબ તરીકે વિકસી રહેલ ગાંધીનગર માટે આ વધુ શૈક્ષણિક કેન્દ્ર બનશે એટલુ જ નહિ અહિ શ્રેષ્ઠ રિસર્ચ સેન્ટર પણ આકાર પામી રહેલ હોવાથી નવા સંશોધનો પણ થશે જે ગાંધીનગર માટે ગૌરવ બનશે.

ગાંધીનગરમાં નાઈપર, આઈ.આઈ.ટી. બાદ હવે બાયોટેકનોલોજી યુનિ. અને રિસર્ચ

● અનુસંધાન પાન-૭ પર

શાળાના શિક્ષકો દ્વારા ધમધમતા ટયુશનના વર્ગો બંધ કરવા માટે મુખ્યમંત્રીને રજુઆત

ટયુશન કરતા શિક્ષકોની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી સાથે ફેડરેશન ઓફ એકેડમિક એસોસિએશને મુખ્યમંત્રીને રજુઆત કરી : પગલા નહીં લેવાય તો આંદોલન કરવાની ચિમકી

ગાંધીનગર તા ૮

એજયુકેશન હબ તરીકે ઉભરતા ગાંધીનગરમાં ટયુશન પ્રથા ફુલીફાલી છે. શહેરની શાળાઓના શિક્ષકો બિન્દાસ્ત રીતે ટયુશન કરતા હોવાની ફરિયાદો સમયાંતરે ઉઠતી રહે છે. જો કે આ મામલે હજુ સુધી કોઈ નક્કર પગલા લેવાયા નથી. શાળાના શિક્ષકોને ટયુશન કરવાની મનાઈ હોવાછતા ટયુશન કરીને શિક્ષકો તગડી ફી ઉઘરાવી રહ્યા છે. ટયુશનો બંધ કરાવવા માટે આજે ફેડરેશન ઓફ એકેડેમિક એસોસિએશને આજે મુખ્યમંત્રીને આ બાબતે રજુઆત કરી હતી જયારે ટયુશન બંધ કરાવવા માટે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આંદોલનની રાહે લડત આપવા પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

ફેડરેશન ઓફ એકેડમિક એસોસિએશને આ અંગે મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી તેમજ રાજયના શિક્ષણ વિભાગના સચિવને આજે આવેદનપત્ર આપી ટ્યુશનિયા શિક્ષકો સામે પગલા લેવા રજુઆત કરવામાં આવી હતી. જેમાં જણાવ્યા મુજબ સરકારી નિયમોનુ ઉલ્લંઘન કરીને સરકાર સંચાલિત અને અનુદાનિત શાળાઓમાં જ સ્કુલ સમય સિવાયના સમયગાળા દરમિયાન વિદ્યાર્થીઓને ટયુશન રાખવા માટે ફરજ પાડવામાં આવે છે. એપ્રિલ વર્ષ ૨૦૨૨ ના નિયમ પ્રમાણે ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની કલમ ૫૩-૨ ની પેટા કલમ ૩ માં

● અનુસંધાન પાન-૭ પર

ધોળેશ્વર મહાદેવ માર્ગની અવદશા - શ્રાવણ મહિનામાં ધોળેશ્વર મહાદેવ દર્શન કરવા ભાવિકોની લાંબી કતાર સવારથી જ થઈ જાય છે... પરંતુ મહાદેવ સુધી પહોંચવાના માર્ગની હાલત લગભગ ભંગાર જેવી છે... શ્રાવણ મહિનાનો બીજો સોમવાર હોવા છતાં તંત્રવાહકોએ આ માર્ગ માટે કોઈ કરતા કોઈ કાર્યવાહી કરી નથી... આપણે ઈચ્છીએ કે મુખ્યમંત્રી કે માર્ગ મકાન વિભાગના મંત્રી ધોળેશ્વર મહાદેવના દર્શન કરવા ધોળેશ્વર જાય તો કદાચ માર્ગોની હાલત સુધરી જાય...

કહેર યથાવત : શહેરમાં નવા ૨૦ ગ્રામ્યમાં ૧૬ કેસ નોંધાયા

જિલ્લામાં દહેગામમાં ૫ કેસ, ગાંધીનગરમાં ૯ અને કલોલમાં ૨ કેસ નોંધાયા : શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં સે. ૨ માં ૩, સે. ૨૨ માં ૨, સે. ૩૦માં ૨, રાંદેસણમાં ૨, રાયસણમાં ૨ ઉપરાંત સે. ૭, ૧૧, ૧૯, ૨૧, ૨૬, ૨૯, ઈન્ફોસીટી, રાધેજા અને વાવોલમાંથી પણ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર રહેતો હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. ગાંધીનગર શહેરમાં આજે નવા ૨૦ કેસ અને ગ્રામ્યમાં નવા ૧૬ કેસ નોંધાયા છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ નિયંત્રિત થઈ રહ્યુ નથી અને લોકો દ્વારા ગાઈડલાઈનના પાલનમાં દાખવવામાં આવી રહેલી ઉદાસીનતાને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સર્વેલન્સ સઘન બનાવવા સાથે વેક્સિનેશન અભિયાન સઘન બનાવ્યુ છે.

તંત્ર દ્વારા ટેસ્ટીંગનું પ્રમાણ વધારવા સાથે વેક્સિનેશન અભિયાન સઘન બનાવ્યુ છે. બીજી તરફ લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ હોઈ જન જાગૃત્તિ વધે તેના પર વિશેષ ભાર મુક્યો છે.

જિલ્લામાં મોટા ભાગે નોંધાઈ રહેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાઈ રહ્યા છે. ટ્રાવેલ હિસ્ટ્રી ઓછા દર્દીઓમાં જોવા મળી રહી છે. રિકવરી રેટ સારો હોવાથી અને હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

શહેર-જિલ્લામાં આજે ૪૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૩ અને ગ્રામ્યમાં ૨૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૬ નવા કેસ નોંધાયા છે. જેમાં ૬ મહિલા દર્દી અને ૪ દર્દી ૭૦ થી વધુ વયના નોંધાયા છે.

જિલ્લામાં દહેગામમાં પાંચ કેસ, ગાંધીનગરમાં ૯ અને કલોલમાં બે કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકામાં વજુપુરામાં બે તેમજ રખિયાલ, બારડોલી કોઠી, નવાનગરમાંથી કેસ મળ્યા છે.

ગાંધીનગર તાલુકામાં રૂપાલ ગામેથી ૩, સોનીપુરમાંથી ૨ ઉપરાંત દશેલા, ચિલોડા, અડાલજ અને ઉવારસદ ગામેથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં નવા અને નારોલ ગામેથી કેસો મળ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસના તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે જિલ્લામાં ૧૯૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૧૨૪૨ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે. જિલ્લામાં તંત્રએ તમામ તબીબોને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ હોમ આઈસોલેશનના નિયમો અને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

૪૫ કરોડના ખર્ચે રાજભવન સ્ટાફ કવાટર્સ નવા બંધાશે

સાડા ચાર દાયકા જુના કંગાળ આવાસો તોડીને નવા મકાનો બાંધવા માટે આયોજન કરવામાં આવ્યુ : ત્રણ મજલાના બ્લોકમાં જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરાશે

ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં સાડા ચાર દાયકા જુના રાજભવન સ્ટાફ કવાટર્સના મકાનો તોડીને નવા બાંધવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. વર્ષો જુના આ મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી ત્યારે અંદાજિત રૂ ૪૫ કરોડના ખર્ચે નવા ૧૨૦ મકાનો બાંધવા માટે આયોજન કરી દેવાયુ છે. વિવિધ કક્ષાના મકાનો બાંધવા માટે ટુંકમાં જ ટેન્ડર પ્રક્રીયાના અંતે કામ હાથ ધરાશે ત્રણ મજલાના મકાનોને અનુલક્ષી જરૂરી તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસો તોડીને નવા મકાનો બાંધવામાં આવી રહ્યા છે. સાડા ચાર દાયકાના અંતે સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના હાલ જોખમી હાલતમાં છે. જેના લીધે તંત્ર દ્વારા તબક્કવાર જુના અને જર્જરિત થઈ ગયેલા મકાનોનો કડુસલો કરવામાં આવી રહ્યો છે જેની સામે જગ્યા ખુલ્લી થાય તેમ નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. સેકટરોમાં કર્મચારીઓને ફાળવવા માટે આવાસોની ઘટ છે. જયારે સ્માર્ટ બનવા તરફ આગળ વધતા નગરમાં કોર્પોરેટ લુક ધરાવતા નવા આવાસો પણ અદ્યતન અને સુવિધાસભર બનાવામાં આવી રહ્યા છે. બીજીતરફ સે-૧૯ માં સ્ટાફ કવાટર્સના મકાનો પણ નવા બાંધવા માટે આયોજન કરાયુ છે. સે-૧૯ માં રાજભવન સ્ટાફ કવાટર્સના મકાનો પણ અંદાજિત ૪૫ વર્ષ જુના છે. જેના લીધે હાલ આ વિવિધ કક્ષના મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી લાંબા સમયથી કવાર્ટસમાં રહેતા પરિવારો માટે પણ અનેક વિધ સમસ્યાઓ ઉદભવતી હતી જેના લીધે સ્ટાફ કવાર્ટસ નવા બાંધવા માટે પણ માંગ ઉઠવા પામી હતી જયારે નવા સુવિધાયુક્ત નવા સ્ટાફ કવાર્ટર્સ બનાવવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. હાલ સે-૧૯ માં રાજભવન સ્ટાફ કવાર્ટસના અંદાજિત ૧૧૨ જેટલા મકાનો છે. સાડા ચાર દાયકા જુના આ મકાનો હાલ ખંડેર બન્યા છે. જયારે આ ઠેકાણે નવા અને સુવિધાયુક્ત આવાસો બાંધવા માટે આખરી આયોજન કરી દેવાયુ છે. આ યોજનાને અનુલક્ષીને પ્રથમ તબક્કામાં જુના ૧૧૨ આવાસો તોડવાનુ કામ હાથ ધરાશે જયારે જુના આવાસોનો નિકાલ કરાયા બાદ આ ઠેકાણે નવા આવાસો બાંધવામાં આવશે ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના આ આવાસો બાંધવા માટે અંદાજિત ૪૫ કરોડનો ખર્ચ

● અનુસંધાન પાન-૭ પર

જાહેર નોટીસ

અમારા અસીલશ્રી ફાલ્ગુની મનીષભાઈ સોની, ઉ.વ.આ. પુખ્ત, ધર્મે - હિન્દુ, રહે. પાડાપોળ, સલુનબજાર, શાસ્ત્રી શેરી, નડિયાદ, જી. ખેડા, હાલ રહે. ૨૬૫, ગાયત્રીનગર, સેક્ટર-૨૭, ગાંધીનગરનાઓની સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ / ચેતવણી આપી જાહેર કરીએ છીએ કે....,

અમારા અસીલના પુત્ર નામે **જયદીપ મનીષભાઈ સોની** તેની પત્ની યાને તેમની પુત્રવધુ નામે **મોનિકા જયદીપ સોની** સાથે છેલ્લા ઘણા સમયથી અલગથી રહે છે અને અમારા અસીલના પુત્ર તેમજ પુત્રવધુ છેલ્લા કેટલાય સમયથી અમારા અસીલના કહ્યામાં નથી. અને પોતાની મરજી મુજબ વર્તન તથા વ્યવહાર કરે છે. જેથી અમારા અસીલે તેઓની સાથેના તમામ સંબંધો તથા વ્યવહારો કાપી નાખેલ છે. તેમજ અમારા અસીલની સ્થાવર જંગમ મિલકતમાંથી તેઓને બાકાત કરેલ છે. જેથી તેઓની સાથે કોઈપણ વ્યક્તિએ કોઈપણ જાતનો નાણાકીય આર્થિક કે અન્ય કોઈપણ પ્રકારની લેવડ-દેવડ કે વ્યવહારો કરવા નહિ અને જો તેઓની સાથે કોઈપણ વ્યક્તિ કોઈપણ જાતનો વ્યવહાર કરશે તો તે તેની અંગત જવાબદારી રહેશે. જેના માટે અમારા અસીલ કોઈપણ રીતે જવાબદાર રહેશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૮/૮/૨૦૨૨
ગાંધીનગર

અમારી મારફતે
વીણાબેન એસ. પરીખ
એડવોકેટ

ઓફીસ નં...., ગ્રાઉન્ડ ફ્લોર, જયઅંબે મેડીકલની પાછળ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, સેક્ટર-૧૨, ગાંધીનગર.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com